૯. પસંદગી પ્રક્રિયા :-

કારકુનની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ભાગ-૧ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

**(ક) ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, પેપરઃ૧, ગુણઃ૨૦૦, સમયઃ બે કલાક.**

| | | |
|---|---|---|
| 1. | ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ | ૨૫ ગુણ |
| 2. | ગુજરાતી વ્યાકરણ | ૨૫ ગુણ |
| 3. | અંગ્રેજી વ્યાકરણ | ૨૫ ગુણ |
| 4. | ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય વિજ્ઞાન, એપ્ટીટ્યુડ ક્વોન્ટીટેટીવ. | ૫૦ ગુણ |
| 5. | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી. એપેન્ડીક્ષ- G. | ૨૫ ગુણ |
| 6. | જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન | ૫૦ ગુણ |
| | **કુલ** | **૨૦૦ ગુણ** |

**નોંધ :** (૧) **(i)** પરીક્ષા Multiple Choice Question (MCQ ) અને Optical Mark Reader(OMR) પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E"** “Not attempted” રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને



WWW.MARUGUJARAT.IN

"Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના અંદાજે ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(૩) ઉપર ક(૫) (પાંચ માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી. અંગે નો અભ્યાસક્રમ જાહેરાત ના અંતે જોડેલ એપેન્ડીક્ષ- G મુજબ નો રહેશે.

**(ખ) ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી : પેપરઃ૨, ગુણઃ૧૦૦, સમયઃ ૧ કલાક ૩૦ મીનીટ.**

| | | |
|---|---|---|
| 1. | ગુજરાતી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| 2. | અંગ્રેજી ટાઇપીંગ કસોટી | ૨૦ ગુણ |
| 3. | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી. એપેન્ડીક્ષ- H | ૬૦ ગુણ |
| | **કુલ** | **૧૦૦ ગુણ** |

**નોંધ: (૧)** ઉપર ખ(૩)(ત્રણ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી અંગે નો અભ્યાસક્રમ જાહેરાત ના અંતે જોડેલ એપેન્ડીક્ષ-F મુજબ નો રહેશે.

**(ગ) લઘુત્તમ લાયકી ધોરણ:**

મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને જગ્યાઓની સંખ્યાના સામાન્યત: ૩ ત્રણ ગણા કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(ઘ) (૧) કારકુનની જગ્યા માટેની મેરીટ યાદી ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર તથા ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી બંનેમાં મેળવેલ સંયુક્ત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) આ જાહેરાત હેઠળની જગ્યા માટે મૌખીક કસોટી (ઇન્ટર્વ્યુ) લેવામાં આવશે નહીં.

WWW.MARUGUJARAT.IN